# GUJARATI

**PAPER – II**

**CODE-06**

Question Booklet Sl. No. 060832

Name & Signature of the Invigilator

..............................................

..............................................

OMR Answer Sheet No. : ____________

Roll No. : ____________

(in figures as in Hall Ticket)

Roll Number in words : ....................................

..........................................................................

**Time : 2 Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example:** (A) ⬬ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval)ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ :** (A) ⬬ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-IIલખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval)સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.

SEAL

DO NOT WRITE HERE

## GUJARATI

## Paper – II

**1.** 'મધ્યકાળનો સાહિત્ય પ્રવાહ' ગ્રંથ કોણે સંપાદિત કર્યો છે ?
(A) કનૈયાલાલ મુનશી
(B) કે.કા. શાસ્ત્રી
(C) મંજુલાલ મજમુદાર
(D) દુર્ગાશંકર શાસ્ત્રી

**2.** 'Grand style' (ભવ્ય શૈલી)ના વિચારના પ્રવર્તક કોણ હતા ?
(A) એરિસ્ટોટલ
(B) મેથ્યુ આર્નોલ્ડ
(C) લોન્જાઈનસ
(D) ઈમેન્યુઅલ કાન્ટ

**3.** 'નવલ ગ્રંથાવલિ'નું સંપાદન કોણે કર્યું છે ?
(A) બળવંતરાય ઠાકોર
(B) નરહરિ પરીખ
(C) રમણભાઈ નીલકંઠ
(D) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

**4.** વ્યુત્ક્રમને તબક્કે વાણીને લેખનથી, અભેદને ભેદથી, ઉપસ્થિતિને અનુપસ્થિતિથી અને આરંભને પુનરાવર્તનથી કોણ સમજાવે છે ?
(A) સોસ્યૂર
(B) મિશેલ ફૂકો
(C) લકાન
(D) દેરિદા

**5.** સંશોધન નિતાંત કેવું હોવું જોઈએ ?
(A) વસ્તુનિષ્ઠ
(B) આત્મનિષ્ઠ
(C) કાર્યનિષ્ઠ
(D) ભાવકનિષ્ઠ

**6.** 'રાસ'ને કોણે નૃત્યપ્રકાર ગણાવ્યો છે ?
(A) કે. હ. ધ્રુવ
(B) રમણલાલ શાહ
(C) ચિમનલાલ ત્રિવેદી
(D) કે. કા. શાસ્ત્રી

**7.** રામાયણમાં શત્રુઘ્નનાં પત્નીનું નામ શું છે ?
(A) શર્મિષ્ઠા
(B) લોપા
(C) શ્રુતકીર્તિ
(D) માંડવી

**8.** 'રાત્રિસંસાર' પ્રકરણ કઈ નવલકથામાં આવે છે ?
(A) કામિની
(B) ગુજરાતનો નાથ
(C) સરસ્વતીચંદ્ર
(D) આંધળી ગલી

**9.** 'યુલિસિસ'માં કેટલાં કથનકેન્દ્રોનો પ્રયોગ થયો છે ?
(A) ત્રણ
(B) બે
(C) એક
(D) ચાર

**10.** 'લિટરેચર એન્ડ લૉ' કયા વિચારકનું પુસ્તક છે ?
(A) જેફ્રી મિલ્ટ
(B) જ્હોન ફિસ્કે
(C) વો પોર્લ
(D) માર્ક ફોર્ટિયર

11. કઈ કૃતિ સોનેટ પ્રકારની નથી ?

(A) યમને નિમંત્રણ
(B) દર્શનિકા
(C) જર્જરિત દેહને
(D) જૂનું ઘર ખાલી કરતાં

12. કયો સ્થાયી ભાવ નથી ?

(A) વિસ્મય
(B) જુગુપ્સા
(C) રોમાંચ
(D) ઉત્સાહ

13. નીચેનામાંથી કયો વિવેચનગ્રંથ સુન્દરમ્ નો નથી ?

(A) સાહિત્ય વિમર્શ
(B) સાહિત્ય ચિંતન
(C) સમર્યના
(D) અવલોકના

14. ભારતીય ઉપખંડમાં કયું ભાષા કુળ નથી ?

(A) બાન્ટુ
(B) ચીની-તિબેટી
(C) દ્રાવિડી
(D) મોનખ્મેર

15. કયું પુસ્તક હરિવલ્લભ ભાયાણીનું નથી ?

(A) શબ્દકથા
(B) શબ્દાસન
(C) શબ્દ પરિશીલન
(D) શબ્દની પગદંડી

16. નીચેનામાંથી કયું ઉખાણું નથી ?

(A) ઘરમાં ઘર એમાં રમે કેસરિયો વર
(B) નગરમાં નગ્ન ફરે, વનમાં પે'રે ચીર
એ ફળ લાવજો મારા સગી નણંદીના વીર
(C) અવનિ ઉખાણાં ભરી, તે કિમ સકાય પૂરા કરી?
(D) વનવગડામાં ડોશી દાંત કાઢે

17. 'અભિજ્ઞાન શાકુંતલ'માં કયો અંક બે દ્રશ્યોમાં વિભાજિત નથી ?

(A) અંક-૩
(B) અંક-૨
(C) અંક-૬
(D) અંક-૫

18. કઈ કાવ્યપંક્તિ અખાની નથી ?

(A) વેશ ટેક તે આડી ગલી, પેઠો તે ન શકે નીકળી
(B) જંગી ઢોલ ઘણા ગડગડે ત્યાં ઝીણી વાત કાને નવ પડે
(C) ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો
(D) કહ્યું કથે તે શાનો કવિ, શીખી વાત તે શાની નવી ?

19. નીચેનામાંથી કયું પાત્ર 'સિદ્ધાર્થ' નવલકથાનું નથી ?

(A) રામાસ્વામી
(B) ગોવિંદ
(C) કમલા
(D) વાસુદેવ

20. વૈશ્વિકીકરણને વધુ વિસ્તારિત તેમજ સઘન બનાવવામાં વિશેષતર કોનું પ્રદાન નથી ?

(A) ઈન્ટરનેટ
(B) પુસ્તક
(C) કમ્પ્યૂટર
(D) ટેલીવિઝન

**21.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) લાભશંકર ઠાકર,: પીળું ગુલાબ અને હું, ત્રિઅંકી

(B) શ્રીકાંત શાહ : તિરાડ, ત્રિઅંકી

(C) ચિનુ મોદી : જાલકા, દ્વિઅંકી

(D) મધુ રાય : કુમારની અગાશી, ચાર અંકી

**22.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) સુઝાન લેન્ગાર : અમેરિકન, ફીલિંગ એન્ડ ફોર્મ

(B) કલીન્થ બ્રૂક્સ : અમેરિકન, માઈથોલોજીસ

(C) રોલા બાર્થ : ફ્રેન્ચ, ડિસિપ્લિન ઍન્ડ પનિશ

(D) જુલિયા ક્રિસ્ટવા : અમેરિકન, નારીવાદી

**23.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) કાવ્ય શક્તિ, કાવ્ય પરિશીલન, કવિતા શિક્ષણ

(B) આપણો ધર્મ, દ્રુમપર્ણ, કાવ્યતત્વ વિચાર

(C) સાહિત્ય સંસ્પર્શ, વ્યાપન, ગોવર્ધનરામ : ચિંતક સર્જક

(D) લિરિક, ગોપીહૃદય, અંબાલાલભાઈ

**24.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) ખડકી, પિંઢારા, ડોળી

(B) હૈયું, માતા, સૂર્ય

(C) ચોક, વધૂ, ઓસડ

(D) કંગન, તોપ, સોય

**25.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) પુષ્કર ચંદરવાકર: ખીજડિયું, લોકસાહિત્ય ભણી

(B) હસુ યાજ્ઞિક: ગુજરાતી લોકગીત, ગુજરાતી લોકસાહિત્યનાં સંશોધકો.

(C) કે. હ. ધ્રુવ: પદ્ય રચનાની ઐતિહાસિક આલોચના, અપભ્રંશ વ્યાકરણ

(D) ભોગીલાલ સાંડેસરા: વસુદેવ હિંડી, ઇતિહાસ અને સાહિત્ય

**26.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) હંસાવલી, અસાઈત, જૈન પદ્યવાર્તા

(B) સદયવત્સ ચરિત, નરપતિ જૈનેતર પદ્યવાર્તા

(C) હંસરાજ વચ્છરાજ ચઉપઈ, વિજય ભદ્ર, જૈન પદ્યવાર્તા

(D) કર્પુર મંજરી, મતિસાર, જૈનેતર પદ્યવાર્તા

**27.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) ન હન્યતે, નગીનદાસ પારેખ, કૃષ્ણયાદવ

(B) તમસ, નારાયણ દેસાઈ, શહનાઝ

(C) ચેમ્મીન, કમલ જસાપરા, મહેર અલી

(D) ગૃહભંગ, ઉત્તરા દેસાઈ, ગંગમ્મા

[redacted]

**28.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) સપ્તપદી, શોધ, પંખીલોક

(B) છંદોલય, મુંબઈ નગરી, મૃત્યુક્ષણ

(C) બહિષ્કૃત ફૂલો, ગોડફાધર, હું જીવતો છું

(D) અંગત, ઠાગાઠૈયા, ઉપહાર

**29.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) ફાયર ઑન ધ માઉન્ટેઈન, ભારતીય, નિસ્પૃહા દેસાઈ

(B) ધ વેસ્ટ લેન્ડ, અંગ્રેજી, જયંત પંડ્યા

(C) ઈલિયડ, ગ્રીક, હરીન્દ્ર દવે

(D) સિદ્ધાર્થ, જર્મન, અલ્કેશ પટેલ

**30.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) ઝવેરચંદ મેઘાણી ઍવોર્ડ : દોલત ભટ્ટ, પુંજલ રબારી

(B) રણજિતરામ ચંદ્રક : ભોગીલાલ સાંડેસરા, બળવંત જાની

(C) નરસિંહ મહેતા ઍવોર્ડ : સંજુવાળા, ચિનુ મોદી

(D) જ્ઞાનપીઠ ઍવોર્ડ : રાજેન્દ્ર શાહ, રાજેન્દ્ર શુક્લ

**31.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) કામિની, કેશવ, શેખર

(B) ભલી, ધાળજી, માલી

(C) પિનાકી, રૂખડ શેઠ, ગોદડવાળો

(D) પેરેક્લિસ, એસ્પેરિયા, બ્રુટસ

**32.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) લોલ્લટ, ઉત્પત્તિવાદ, જન્ય-જનક સંબંધ

(B) ભટ્ટ શંકુક, અનુમિતિવાદ, ગમ્ય-ગમક સંબંધ

(C) ભટ્ટ નાયક, ભુક્તિવાદ, ભાવ્ય-ભાવક સંબંધ

(D) અભિનવ ગુપ્ત, અભિવ્યંજનાવાદ, કાવ્ય-કાવ્યત્વ સંબંધ

**33.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) જૈન ગુર્જર કવિઓ, રેષાએ રેષાએ ભરી જ્ઞાનઝંખા, નિરીક્ષા

(B) અરણ્યરુદન, અષ્ટમોધ્યાય, શ્રૃણવન્તુ

(C) બહુસંવાદ, ગ્રંથ ઘટન, દલપતરામ

(D) શબ્દલોક, સંકેતવિચાર, તત્ત્વસંદર્ભ

**34.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) સૂત્રધાર, ખિસ્સાકાતરુ, વ્યાજખાઉ

(B) બજારભાવ, દીવાદાંડી, ઈશ્વરાધીન

(C) દહીંવડાં, મૃગજળ, સીમારેખા

(D) નીલકંઠ, દશાનન, પીતાંબર

**35.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) શાંતિભાઈ આચાર્ય : ભાષા વિવેચન, ઉત્તર ગુજરાતની ભાષા: સર્વેક્ષણ અને અભ્યાસ

(B) જયાનંદ જોશી : હોળી ગીતો, નેમિનાથ વિહાવલો

(C) કનુભાઈ જાની : શબ્દ નિમિત્ત, શબ્દનો સોદાગર

(D) કે. કા. શાસ્ત્રી : અક્ષર અને શબ્દ, શબ્દ અને અર્થ

**36.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ખંડકાવ્ય, રહસ્યપૂર્ણ વૃતાંત, બાહુક

(B) કરુણ પ્રશસ્તિ, આત્મલક્ષી પ્રકાર, તેમીનાને

(C) સોનેટ, વિશેષ માત્રામેળ છંદનો પ્રયોગ, છેલ્લું દર્શન

(D) અછાંદસ કાવ્ય, અનુનેય લયસમુહો, કવિનું વસિયતનામું

**37.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ધૂતા, દર્દુરક, શારદ્વત

(B) શલ્યરાજ, ઈન્દ્ર, કર્ણ

(C) સર્વદમન, મારીચ, પ્રિયંવદા

(D) ત્રીજટા, મેઘનાદ, શરમા

**38.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) મનોર, કોદર, માલી

(B) અનુરાધા, માર્શિયા, રંજના ચેટરજી

(C) મુંજ, તૈલપ, રસનિધિ

(D) નિયતિ, સાર્થ, અનન્ય

**39.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) યુલિસિસ, મધર, ફાયર ઑન ધ માઉન્ટેઈન

(B) ધ રોડ, મેકબેથ, ઈડિપસ રેક્સ

(C) ઈલિયડ, ધ વેસ્ટલેન્ડ, અ રૂમ ઓવ વન્સ ઓઉન

(D) નોટ્સ ફ્રોમ ધ અંડરગ્રાઉન્ડ, ધ ટ્રાયલ, ફોન્તામારા

**40.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) નવજીવન, હરિજનબંધુ, યંગ ઇન્ડિયા

(B) એતદ્, વાણી, ફાલ્ગુની

(C) કૌમુદી, ચેતન, રોહિણી

(D) ગુજરાત, સમર્પણ, કવિતા

**41.** દલિત નવલકથા :-

a. મારી પરણેતર

b. મલક

c. અસૂર્યલોક

d. અતીતવન

(A) (a) અને (b)

(B) (b) અને (c)

(C) (c) અને (d)

(D) (d) અને (a)

**42.** સૌંદર્યનિષ્ઠતાવાદ

a. સૌંદર્યનિષ્ઠતાવાદનું મુખ્ય પ્રયોજન જીવનને સુંદર બનાવવાનું છે.

b. સૌંદર્યનિષ્ઠતાવાદનો સંઘર્ષ કલાને સ્વાયત્તતા આપવા માટેનો છે.

c. સૌંદર્યનિષ્ઠતાવાદ સાથે જર્મન ચિંતક કાન્ટનું નામ સંકળાયેલું છે.

d. સૌંદર્યનિષ્ઠતાવાદમાં રૂપરચનાનું બહુ મહત્વ હોતું નથી.

(A) (c) અને (d)

(B) (b) અને (c)

(C) (d) અને (a)

(D) (a) અને (b)

**43.** નર્મદના વિવેચનમાં કયા સાહિત્યવિચાર છે ?

a. કવિતા ઈશ્વરપ્રણીત હોવાથી નઠારી હોઈ શકે નહીં.

b. શામળની કવિતામાં કંઈ દરદ જેવું જણાતું નથી.

c. પ્રતિભાશાળી લેખકો મહાલયના ગગનચુંબી ઘુમ્મટો જેવા છે.

d. કવિતા વિચારવિષયક નહિ, વિકારવિષયક હોય છે.

(A) (d) અને (a)

(B) (a) અને (b)

(C) (c) અને (d)

(D) (b) અને (c)

**44.** મહાપ્રાણ, અઘોષ ધ્વનિઘટકો :

a. શ

b. ષ

c. ય

d. ર

(A) (a) અને (d)

(B) (b) અને (c)

(C) (a) અને (b)

(D) (c) અને (d)

**45.** સંશોધનના પ્રકારો.

a. બાહ્ય વિદ્યાકીય

b. આંતર વિદ્યાકીય

c. બહુવિધ વિદ્યાકિય

d. અલ્પ વિદ્યાકીય

(A) (b) અને (c)

(B) (c) અને (d)

(C) (a) અને (b)

(D) (d) અને (a)

**46.** આરોગ્યનિકેતન નવલકથા :

a. મજૂરવર્ગના શોષણની કથા.
b. જીવનમશાય કથાના કેન્દ્રમાં છે.
c. નવગ્રામ ગામ વાર્તાના નાયક પદે છે.
d. પ્રધાન પાડા ગામ વાર્તાના નાયક પદે છે.

(A) (c) અને (a)
(B) (d) અને (a)
(C) (b) અને (c)
(D) (a) અને (b)

**47.** 'ગૃહભંગ' નવલકથા :

a. ગંગમ્માના જીવનમાં સંસ્કારના અભાવે કુટુંબ વેરવિખેર થાય છે.
b. વિધવા નજમ્માના મુખથી નીકળતો શબ્દ ગૃહભંગનું કારણ બને છે.
c. ચેન્નિગરાયઆળસુ અને સ્વાર્થી છે.
d. પટવારી રામણ્ણા ગંગમ્માને અંત સુધી સાથ આપે છે.

(A) (a) અને (b)
(B) (c) અને (d)
(C) (d) અને (a)
(D) (a) અને (c)

**48.** 'બાપાની પિંપર' વાર્તાસંગ્રહ

a. નાગ
b. લીલ
c. ડચૂરો
d. જળ

(A) (c) અને (d)
(B) (b) અને (c)
(C) (d) અને (a)
(D) (a) અને (b)

**49.** વિશ્વ સાહિત્યના વિચારકો :

a. રોલા બાર્થ
b. રવીન્દ્રનાથ ટાગોર
c. ગ્યુઈથે
d. જીવનાનંદ દાસ

(A) (c) અને (d)
(B) (a) અને (b)
(C) (b) અને (c)
(D) (d) અને (a)

**50.** લોકપ્રિય સાહિત્ય :

a. દુર્બોધને બદલે સુબોધ શૈલી
b. સરળતાને બદલે સંકુલતા
c. વાચકની રુચિને સંતોષે
d. પુનરાવર્તન સામે વિરોધ

(A) (d) અને (a)
(B) (a) અને (c)
(C) (c) અને (d)
(D) (a) અને (b)

**51.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. પ્લુટસ | i. મેઘ |
| b. મૉક ડૉક્ટર | ii. લક્ષ્મી |
| c. અન ટુ ધ લાસ્ટ | iii. ભદ્રંભદ્રનું ભોપાળું |
| d. ક્લાઉડ | iv. સર્વોદય |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | i | ii | iii |
| (B) | ii | iii | iv | i |
| (C) | iii | ii | i | iv |
| (D) | i | iv | iii | ii |

**52.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. પ્લેટો | i. વાણીશાસ્ત્ર |
| b. ઍરિસ્ટોટલ | ii. કલાના નાટ્યસ્વરૂપનો બહિષ્કાર |
| c. કોલરિજ | iii. ત્રણ પ્રકારની પરિપક્વતા |
| d. ઍલિયટ | iv. કલ્પસિદ્ધાંત |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | i | ii | iii |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | iii | iv | i |
| (D) | iii | iv | i | ii |

**53.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. વિવેચનની સાધના | i. ચંદ્રકાંત ટોપીવાળા |
| b. વિવેચનનું વિવેચન | ii. પ્રમોદકુમાર પટેલ |
| c. વિવેચનનો વિભાજિત પટ | iii. જયંત કોઠારી |
| d. વિવેચનની ભૂમિકા | iv. ઉમાશંકર જોશી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | ii | iv | i | iii |
| (B) | iii | i | iv | ii |
| (C) | i | ii | iii | iv |
| (D) | iv | iii | i | ii |

**54.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. બાવનની બહાર | i. અર્થની પડતી |
| b. લખણ | ii. સાદૃશ્ય |
| c. સાહસ | iii. શ્રમલાઘવ |
| d. હસાયરો | iv. અર્થોત્કર્ષ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iii | i | iv | ii |
| (B) | ii | iii | i | iv |
| (C) | iv | ii | iii | i |
| (D) | i | iv | ii | iii |

**55.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. ઝવેરચંદ મેઘાણી | i. આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ |
| b. નરસિંહરાવ દિવેટિયા | ii. ભીલોનાં હોળી ગીતો |
| c. ભગવાનદાસ પટેલ | iii. હાલરડાં |
| d. હસુ યાજ્ઞિક | iv. અભિનયકલા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | ii | iii | iv | i |
| (C) | iii | iv | ii | i |
| (D) | iv | i | ii | iii |

**56.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. આત્મકથા | i. ઘાસનાં ફૂલ |
| b. જીવનકથા | ii. વૃક્ષ |
| c. લલિત નિબંધ | iii. શુકતારક |
| d. એકાંકી | iv. મુક્તિ વૃત્તાંત |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | i | ii |
| (B) | iii | iv | ii | i |
| (C) | ii | i | iv | iii |
| (D) | i | ii | iii | iv |

**57.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. મૃચ્છકટિક | i. અઢાર પર્વ |
| b. રામાયણ | ii. સાત અંક |
| c. મહાભારત | iii. દસ અંક |
| d. અભિજ્ઞાન શાકુન્તલ | iv. સાત કાંડ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | iii | ii | iv |
| (B) | iii | iv | i | ii |
| (C) | iv | ii | iii | i |
| (D) | ii | i | iv | iii |

**58.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. પાદરનાં તીરથ | i. ગોઠ |
| b. વનાંચલ | ii. નંદીગ્રામ |
| c. મારી હકીકત | iii. નંદપરા |
| d. દીપ નિર્વાણ | iv. રાંદેર |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | iv | iii | ii | i |
| (C) | iii | i | iv | ii |
| (D) | ii | iv | i | iii |

**59.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. ફોન્તામારા | i. આફ્રિકન |
| b. સિદ્ધાર્થ | ii. રશિયન |
| c. ધ રોડ | iii. ઈટાલી |
| d. મધર | iv. જર્મની |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iii | iv | i | ii |
| (B) | iv | iii | ii | i |
| (C) | ii | i | iii | iv |
| (D) | i | ii | iv | iii |

**60.** સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| a. જ્ઞાન પ્રસારક સભા | i. મનઃસુખરામ ત્રિપાઠી |
| b. ફાર્બસ ગુજરાતી સભા | ii. રણજિતરામ મહેતા |
| c. ગુજરાત સાહિત્ય સભા | iii. દાદાભાઈ નવરોજી |
| d. બુદ્ધિવર્ધક સભા | iv. કવિ નર્મદ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | ii | iv | iii | i |
| (B) | i | ii | iv | iii |
| (C) | iv | iii | i | ii |
| (D) | iii | i | ii | iv |

**61.** કાળક્રમમાં ગોઠવો.

a. કવિની સાધના

b. કવિની શ્રદ્ધા

c. શબ્દની શક્તિ

d. કવિતા વિવેક

| | | | | |
|---|---|---|---|---|
| (A) | b | d | a | c |
| (B) | a | b | c | d |
| (C) | c | a | d | b |
| (D) | d | c | b | a |

**62.** કાળક્રમમાં ગોઠવો.

a. કોમળ રિષભ

b. અક્ષરનું એકાન્ત

c. વાંસ થકી વહાવેલી

d. નકશાનગર

| | | | | |
|---|---|---|---|---|
| (A) | d | c | b | a |
| (B) | b | c | d | a |
| (C) | a | c | b | d |
| (D) | a | b | c | d |

**63.** કાળક્રમમાં ગોઠવો.

a. સુઝાન લેંગર

b. સોસ્યુર

c. હાન્સ ગાડામાર

d. કલીન્થ બ્રુક્સ

| | | | | |
|---|---|---|---|---|
| (A) | b | a | c | d |
| (B) | d | c | b | a |
| (C) | c | b | d | a |
| (D) | a | b | c | d |

**64.** કાળક્રમમાં ગોઠવો.

a. કચ્છી શબ્દાવલી

b. હાલારી બોલી

c. બોલી વિજ્ઞાન: કેટલાક પ્રશ્નો

d. ઉત્તર ગુજરાતની ભાષા: સર્વેક્ષણ અને અભ્યાસ

| | | | | |
|---|---|---|---|---|
| (A) | d | c | b | a |
| (B) | d | a | c | b |
| (C) | b | c | a | d |
| (D) | a | b | c | d |

**65.** કાળક્રમમાં ગોઠવો.

a. સત્તરમાં શતકના પ્રાચીન ગુર્જર કાવ્ય

b. મુનિ જિનવિજયજી: જીવન અને કાર્ય

c. પ્રાચીન ફાગુ સંગ્રહ

d. જૈન આગમ સાહિત્યમાં ગુજરાત

| | | | | |
|---|---|---|---|---|
| (A) | a | b | c | d |
| (B) | c | d | a | b |
| (C) | a | d | c | b |
| (D) | d | c | b | a |

**66.** કાળક્રમમાં ગોઠવો.

a. આપણું લોકનાટ્ય ભવાઈ

b. લોકનાટ્ય -ભવાઈ

c. ભાણ: એક રૂપક પ્રકાર

d. ભવાઈ સંગ્રહ

(A) b c a d

(B) a b c d

(C) d c b a

(D) c b a d

**67.** કાળક્રમમાં ગોઠવો.

a. સ્ત્રીપર્વ

b. વિરાટપર્વ

c. કર્ણપર્વ

d. સભાપર્વ

(A) a b c d

(B) d c b a

(C) a c d b

(D) d b c a

**68.** કાળક્રમમાં ગોઠવો.

a. નાઈટમેર

b. આગંતુક

c. ઉગમણો દેશ

d. સત્યના પ્રયોગો

(A) d c a b

(B) a b c d

(C) c d b a

(D) a b d c

69. કાળક્રમમાં ગોઠવો.

a. વેઇટિંગ ફોર ગોદો
b. મેકબેથ
c. ઈડીપસ રેક્સ
d. ધ રોડ

| | | | | |
|---|---|---|---|---|
| (A) | b | a | d | c |
| (B) | c | b | a | d |
| (C) | a | b | c | d |
| (D) | d | c | b | a |

70. કાળક્રમમાં ગોઠવો.

a. સમૂહ માધ્યમો અને સાહિત્ય
b. કેમેરાની આંખે સાહિત્ય
c. ફિલ્માંતર
d. નવલકથા અને સિનેમા

| | | | | |
|---|---|---|---|---|
| (A) | a | b | c | d |
| (B) | d | c | b | a |
| (C) | b | d | c | a |
| (D) | c | b | a | d |

71. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) સંશોધનથી સંશોધકને આનંદ પ્રાપ્તિ થાય છે.
(R) સંશોધનનો મુખ્ય હેતુ સ્વાંતઃ સુખાય છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

72. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) બળવંતરાય ઠાકોરે ગેય પદ્યની સ્થાપના કરી હતી.
(R) બળવંતરાય ઠાકોર પિંગલ શાસ્ત્રથી સાવ અજ્ઞાત હતા.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**73.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'ભાલા પ્રવેશે છે' વાક્ય શુદ્ધાલક્ષણાની અંતર્ગત આવતા ઉપાદાન લક્ષણાનું દૃષ્ટાંત છે.

(R) આ વાક્યમાં મુખ્યાર્થની સિદ્ધિ માટે લક્ષ્યાર્થ લેવામાં આવ્યો છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**74.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) પ્રેમાનંદે 'વિવેક વણઝારો' શીર્ષકવાળી કૃતિ લખી છે.

(R) પ્રેમાનંદને કૃતિ દ્વારા વિવેકના મૂલ્યનું મહત્વ સમજાવવું હતું.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**75.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'બાગેશ્રી પાણીથી લખે છે' આ વાક્ય યોગ્ય નથી

(R) આ વાક્યમાં પ્રયોજાયેલા શબ્દો વક્તવ્ય સંદર્ભે સુસંગત છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**76.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) લોકકથાનું જીવાતુભૂત તત્ત્વ'મોટિફ' છે.

(R) 'મોટિફ'લોકકથાના નિર્માણની મહત્ત્વની કડી છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**77.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) દ્રૌપદી અશ્વત્થામાની માતા હરિતાને શાપ આપે છે.

(R) અશ્વત્થામાએ તેમના પુત્રોનો સંહાર કર્યો હતો.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**78.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'દીપનિર્વાણ' માં સુચરિતા સુદત્ત સાથે લગ્ન કરે છે.

(R) સુચરિતા સુદત્તને હૃદયપૂર્વક ચાહતી હતી.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**79.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'બ્યુટીફૂલ વન્સ આર નોટ યેટ બોર્ન' માં પત્ની ઓયોને તેમના પતિ પ્રત્યે આદરભાવ નથી.

(R) પત્ની ઓયો પતિની સિદ્ધાંતનિષ્ઠાથી ભૌતિકસુખ-સાધનો મેળવી શકતી નહોતી.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**80.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'વ્હોટ્સ યોર રાશિ' ફિલ્મના કેન્દ્રમાં જ્યોતિષવિદ્યા છે.

(R) 'વ્હોટ્સ યોર રાશિ' માં કથાનાયક જ્યોતિષવિદ્યા જાણે છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**81.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'નળાખ્યાન' માં વાસુકિ નાગ પાત્ર તરીકે નિરૂપાયેલ છે.

(B) અખા કૃત 'પંચીકરણ'માં સાંખ્ય દર્શનને સમર્થન કરતાં તત્ત્વચર્ચા કરવામાં આવી છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.
(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.
(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે.
(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે.

82. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) એલન શોવાલ્ટરે નારી લેખનની પરંપરા અને ભિન્નતા સંદર્ભે ત્રણ સંજ્ઞાઓ પ્રયોજી છે.

(B) 'નારીને પોતાની ભાષા હોવી જોઈએ'- વિધાન લૂઈસ ઇરિગરીએ કર્યું છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.
(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.
(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે.
(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે.

83. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) નવ્ય ઇતિહાસવાદના સિદ્ધાંતમાં ગ્રીન બાલ્ટનું મહત્ત્વનું પ્રદાન છે.

(B) ઈકો ક્રિટિસિઝમને ગ્રીન કલ્ચરલ સ્ટડીઝ પણ કહેવાય છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.
(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.
(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે.
(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે.

84. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) Phonemics/Phonology ભાષાવિશેષના ધ્વનિઓનું અધ્યયન કરે છે.

(B) Phonetics ધ્વનિઓના અધ્યયનનું સામાન્ય વિજ્ઞાન છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.
(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.
(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે.
(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે.

85. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) તથ્યને સ્થૂળ ઘટનાઓના યથાર્થ સાથે સંબંધ છે.

(B) સત્યને અમૂર્ત એવા યથાર્થ સાથે સંબંધ હોતો નથી.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.
(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.
(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે.
(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે.

86. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) ઉખાણું અને તેના ઉકેલ વચ્ચે કોઈ સંવાદિતા અને તર્કસંગતતા હોતી નથી.

(B) ઉખાણાં મૌખિક પરંપરાથી પ્રાપ્ત કંઠોપકંઠ સાહિત્ય છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.
(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.
(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે.
(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે.

87. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'શ્રીમદ્ ભાગવત'માં ૧૮ અધ્યાયો છે.

(B) 'ગોરા'નો અનુવાદ નગીનદાસ પારેખે કર્યો છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.

(C) (A) વિધાન સાચું છે, (B) ખોટું છે.

(D) (A) વિધાન ખોટું છે, (B) સાચું છે.

88. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) સુંદરગિરિ પર કુમુદનું નામ મધુરીમૈયા પાડવામાં આવે છે.

(B) 'હોહોલિકા' ભવાઈ – લોકનાટ્ય કૃતિ છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.

(C) (A) વિધાન સાચું છે,(B) ખોટું છે.

(D) (A) વિધાન ખોટું છે, (B) સાચું છે.

89. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) હેનરી રીમાર્કે સાહિત્યના તુલનાત્મક અભ્યાસમાં ભાષાભેદનો સ્વીકાર કર્યો હતો.

(B) એસ.એસ. પ્રેવરે તુલનાત્મક સાહિત્યમાં અસરના અભ્યાસને સંશયાસ્પદ ગણ્યો છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.

(C) (A) વિધાન સાચું છે, (B) ખોટું છે.

(D) (A) વિધાન ખોટું છે, (B) સાચું છે.

90. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) ભાષા માનવસંસ્કૃતિનો અંશ નથી.

(B) સમાજ અને સંસ્કૃતિ અવિનાભાવિ સંબંધે જોડાયેલ છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે.

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે.

(C) (A) વિધાન સાચું છે, (B) ખોટું છે.

(D) (A) વિધાન ખોટું છે, (B) સાચું છે.

નીચેનાં કાવ્યને આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

'સાંજ ઢળીને'

સાંજ ઢળી ને રગરગમાં આ દીવા સ્મૃતિના સળગ્યા
બુઝાવવા હું જાઉં ત્યાં તો મેંદી રંગ્યા હાથને તો ઝાળ થઈને વળગ્યા
સાંજ પડે ને કોઈ વૃક્ષ પર પંખી પાછાં આવે
એમ અચાનક અહીંયા આવ્યું પંખીઓનું ટોળું
ભાનસાન હું ભૂલું છતાંયે સભાન થઈને કાન કરૂં છું બંધ.
તોયે ન જાણે શાને હું તો ગુમાઈ ગયેલા ચહેરાને રે ખોળું
કોરો આ વરસાદ ને તોયે અઢળક અઢળક અંગ અંગ આ પલળ્યાં
સાંજે ઢળી ને રગરગમાં આ દીવા સ્મૃતિના સળગ્યા.
રાત પડે ને અંધારું આ એકલવાયું
ધખધખ ધખતી પથારીમાં એ મૌન થઈને કણસે
હું પણ મારી સાથ અબોલા કાયમના લઈ લઉં
એવી વ્હાલવિહોણી રાત હવે તો કણસે
દૂર દૂરથી દોડી આવી કઈ નદીનાં પૂર આંખમાં ડળક્યાં?
સાંજ ઢળી ને રગરગમાં આ દીવા સ્મૃતિના સળગ્યા.

–પન્ના નાયક

**91.** સાંજ પડે છે ત્યારે કાવ્ય નાયિકાના ચિત્તમાં શું સળવળી ઊઠે છે ?

(A) સાંપ્રતકાલીન સ્મરણ
(B) અતીત કાલીન સ્મૃતિ
(C) અનાગતના વિચારો
(D) વર્તમાનકાલીન વિચારો

**92.** કાવ્યનાયિકાનાં ભૂતકાલીન સ્મરણો કેવાં છે ?

(A) સુખદ
(B) દુ:ખદ
(C) આનંદદાયક
(D) પ્રસન્નકર

**93.** 'પંખીઓનું ટોળું' દ્વારા કવયિત્રી શું સૂચવે છે ?

(A) યાદોની વણઝાર
(B) પંખીઓની હારમાળા
(C) પંખીઓનો કલબલાટ
(D) પંખીઓનો ફડફડાટ

**94.** કાવ્યમાં કયા છંદની છાયાને પ્રયોજી છે ?
(A) ચોપાઈ
(B) શાર્દૂલ વિક્રીડિત
(C) કટાવ
(D) મનહર

**95.** દ્વિરુક્ત પ્રયોગનું કયું દૃષ્ટાંત છે ?
(A) રગરગમાં
(B) વ્હાલવિહોણી
(C) દીવા સ્મૃતિના
(D) ધખતી પથારીમાં

નીચેના ગદ્યખંડના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

એક નવીન છંદની શોધ કરતાં કવિને હાથ આવેલા આ વાણીસ્વરૂપમાં છંદનો ગુણ નથી એનો કવિએ પોતે પણ સ્વીકાર કર્યો છે એટલું જ નહિ,પણ કવિ આ ડોલનશૈલીને હિન્દના છંદઇતિહાસમાં જે મહાન ક્રાંતિકારી આવિર્ભાવ માને છે તેવું વસ્તુતઃ કાંઈ નથી, પણ બાણભટ્ટથી માંડી ઠેઠ ગોવર્ધનરામ સુધી ઘણાં ગદ્યકારોએ ખેડેલું રાગયુક્ત ગદ્ય જ છે એ હવે સ્પષ્ટ બનેલું છે. અર્થાત્,ડોલનશૈલી એ શબ્દ અને અર્થને લડાવતી અને સજાવતી અમુક પ્રકારની ઊર્મિસભર આવેશમયતાનો જ એક ઉદ્ગાર છે. એ ટકી રહે છે જીતી જાય છે તે અંદરની ઊર્મિના અને ભાવના ચમત્કારપૂર્ણ આવિર્ભાવથી. જ્યાં આ આંતરિક ચમત્કાર નથી હોતો ત્યાં એ એક નિષ્પ્રાણ, અલ્પસત્ત્વ, બાહ્યાડંબરવાળી,સ્થૂલ વાક્છટા અને કદીક તો વાક્પ્રપંચ કવિને હાથે બની ગઈ છે. છતાં ન્હાનાલાલને હાથે આ ડોલનશૈલીમાં કેટલુંક અત્યંત મનોહર અને ગુજરાતી વાણીના એક વિશિષ્ટ સૌંદર્ય અને સામર્થ્યનું પ્રતિનિધિત્વ ધરાવે તેવું ચિરંજીવ સર્જન થયું છે એ ગુજરાતી કવિતાના ઇતિહાસકારે નોંધવાનું છે જ. પરંતુ આ વિશિષ્ટતા તે ન્હાનાલાલની સર્જક પ્રતિભાની છે; નહીં કે શૈલીનાં કોઈ સ્થૂલ આકારવાળાં તત્ત્વોની.

–સુન્દરમ્

**96.** ન્હાનાલાલના હાથે ચિરંજીવ સર્જન શેના આધારે થયું છે ?

(A) ડોલનશૈલી

(B) સર્જક પ્રતિભા

(C) વાક્ છટા

(D) જીવન દર્શન

**97.** જ્યાં આંતરિક ચમત્કાર હોય છે ત્યાં ડોલનશૈલી કેવી બની જાય છે ?

(A) નિષ્પ્રાણ

(B) સ્થૂલ વાક્ છટા

(C) અલ્પ સત્ત્વશીલ

(D) સત્ત્વશીલ

**98.** કવિના મતે વાણીસ્વરૂપમાં શેનો ગુણ નથી ?

(A) છંદ

(B) અલંકાર

(C) આભિજાત્ય

(D) પ્રાસાદ

**99.** 'મનોહર' શબ્દ કયા સમાસનું દૃષ્ટાંત છે ?

(A) દ્વિગુ

(B) ઉપપદ

(C) કર્મધારય

(D) તત્પુરુષ

**100.** 'આવિર્ભાવ' એટલે...

(A) વિશેષ ભાવ

(B) સ્વીકૃતિ

(C) પ્રગટવું

(D) નવીનીકરણ

---

**Space for Rough Work**

SEAL